
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



પુ૦ ૩૧ મું.
આશ્વિન.
અંક ૩ જો.

પ્રકાશક,
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

વીર સં. ૨૪૫૯
આત્મ સં. ૩૮
વિ.સં. ૧૯૮૯

મૂલ્ય રૂા. ૧) પો૦ ૪ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય.


૧ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર... 'મનોનંદન'... ... ૫૧
૨ શ્રી તીર્થંકરચરિત્ર ... ... ... ... ... ૫૪
૩ અમારી પૂર્વદેશની યાત્રા. ... મુનિ ન્યાયવિજયજી... ... ૫૮
૪ આત્માનું અનંત રૂદન (વિનયકાંત કાંતીલાલ મહેતા) ... ૬૨
૫ પરિવર્તન ... ...નાગરદાસ મ૦ દોશી બી. એ. ... ૬૪
૬ જૈન-આચાર ... ... ... શુદ્ધ આચાર ૭૯ ... ... ૬૭
૭ મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ (વિઠલદાસ મૂ. શાહ) ... ... ૬૯
૮ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૭૨



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

## દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર-શબ્દાર્થ-ભાવાર્થ-અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુક તૈયાર કરી છપાવેલ છે.

દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં ઘણીજ વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં કે જેથી આ બુક પ્રમાણે દેવસિરાઇ પ્રતિક્રમણસુત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુકમાં અનેક વિષયો દાખલ કરી તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ દશ આના તથા ટપાલખર્ચ ત્રણ આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य — सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४५९. आश्विन. आत्म सं. ३८. { अंक ३ जो.

## મહાત્મા શ્રી સિદ્ધર્ષિપ્રણીત શ્રી ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય–ગદ્ય ભાષાંતર.

( ગતાંક પૃષ્ઠ૩૨ થી શરૂ. )

ભાષાંતરકર્તા—'મનોનંદન'.

તેમજ—

[1] દોધક વૃત્ત.

કથા સંસ્કૃતમાં કેમ રચી—

સંસ્કૃત પ્રાકૃત એહ પ્રમાણે,
છે અહીં પાત્ર પ્રધાનપણાને;
તે દ્રયમાં પણ સંસ્કૃત ભાસે,
[2]દૂર વિદગ્ધતણા મનવાસે. ૫૨

૧. ઉદાહરણ:—'નિર્જળ ગામ નવાણ ગળાવો'–દલપતરામ. ૨. અર્ધદગ્ધ–અધકચરા જ્ઞાનવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાલકને પણ બોધક સારી,
કર્ણ પ્રતિ પ્રતિભાસત પ્યારી;
તો પણ તે જનને મનવાસે,
પ્રાકૃત તે પણ ના પ્રતિભાસે ! ૫૨

કોઈ ઉપાય સતે કરવું રે !
'હાં મનરંજન સૌ જનનું રે !
તેહતણાં [3]અનુરોધ વશેથી,
એહ કથા કૃત સંસ્કૃત તેથી. ૫૩

નાંહિ અતિજ ગૂઢાર્થ અહીંઆ,
દીરઘ વાકયથી યુકત નહિં આ;
પર્યાય ના અપ્રસિદ્ધ ધરે આ,
તેથી જ સર્વ ઉચિત કરે આ. ૫૪

**અભિધેય—**

એહ કથાનું શરીર જ અત્રે,
નામ થકી પ્રતિપાદિત વર્ત્તે;
કારણ જન્મપ્રપંચ જ બ્હાને,
નિશ્ચય અત્ર કહ્યો ઉપમાને. ૫૫

**પ્રયોજન—**

કારણ વિસ્તર આ ભવકેરો,
સાવ અનુભવમાં જ રહેલો;
તોય પરોક્ષ સમાન જણાયે !!!
તેથી જ કીર્ત્તન યોગ્ય ગણાયે. ૫૬

**કથાશરીર—( Plot of the story. )**

અનુષ્ટુપ્

કથાનો સંગ્રહી [4]અર્થ, સ્મૃતિબીજ જગાડવા.
શરીર વર્ણવાયે આ, ભ્રાન્તિ-વ્યામોહ ટાળવા. ૫૭
અંતરંગ બહિરંગ, કથા એહ દ્વિવિધ છે;
ને તેમાં અંતરંગીનું, શરીર આ કથાય છે. ૫૮

---

૩. આગ્રહથી, વિનતિથી ૪. વસ્તુ, (subject matter.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (ञ) અંતરંગ કથાશરીરઃ અષ્ટ પ્રસ્તાવવસ્તુ.

વસંતતિલકા—

**પ્રથમ પ્રસ્તાવ—**

પ્રસ્તાવ અષ્ટ અતિ સ્પષ્ટ અહીં રચાશે,
પ્રત્યેકમાંહિ સુણ ! વિષય જે કથાશે;
જે હેતુથી [૫]ગ્રથિત આવી કથા કરાય,
તે હેતુ થાય પ્રતિપાદિત આદ્યમાંય. ૫૯-૬૦

**દ્વિતીય—**

(વંશસ્થ)

દ્વિતીયમાં ભવ્ય પુરૂષ તો અહીં,
મનુષ્યને સુંદર જન્મ આ લહી;
સદાગમશ્રી અવલંબી સુરીતે,
જિજ્ઞાસુ થાયે જયમ આત્મના હિતે; ૬૧

અનુષ્ટુપ્

તે પાસે એ સુણે જયમ, સંસારીજીવ વૃત્તને,
જે અગૃહીતસંકેતા, અર્થે તે જ સ્વયં ભણે. ૬૨

(વંશસ્થ)

તિર્યંચ [૬]વક્તવ્યવડે ગુંથાયલું,
સમસ્ત જે વર્ણન વર્ણવાયલું;
પ્રજ્ઞા વિશાલા સહ એ વિચારતો,—
બધો પ્રતિપાદિત અર્થ આ થતો * ૬૩

( ત્રણ શ્લોકનો સહસંબંધ )

(ચાલુ.)

---

૫. ગુંથેલી. પ્રથમ પ્રસ્તાવમાં આવી કથા ગુંથવાનો હેતુ શો ? તે વર્ણવેલ છે.

*અત્રે પાંચ અંતરંગ પાત્રો વર્ણવેલા છે. (૧) ભવ્યપુરૂષ (૨) સદાગમ, તે સત્+આગમ-શાસ્ત્રનું રૂપક છે. (૩) અગૃહીતસંકેતા જે સંકેત-વાતનો મર્મ-આશય-ગ્રહણ કરતી નથી તે, (૪) સંસારીજીવ (૫) પ્રજ્ઞાવિશાલા જેની પ્રજ્ઞા-બુદ્ધિ વિશાળ છે તે. સદાગમ સમીપે ભવ્યપુરૂષ, અગૃહિતસંકેતા અર્થે સંસારીજીવે કહેલું પોતાનું વિતક ચરિત્ર શ્રવણ કરે છે, અને પ્રજ્ઞાવિશાલા સાથે તે વિચારે છે.

૬. તિર્યંચગતિનું સ્વરૂપ દ્વિતીયમાં વર્ણવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અગિયાર અંગોમાં નિરૂપણ કરેલ
# શ્રીતીર્થંકરચરિત્ર.
## ( શ્રી ઉપાસકદશાંગ સૂત્ર ).

( ગતાંક પૃષ્ઠ ૩૫ થી શરૂ ).

અ૦ ૭ સૂત્ર- ++ થી ૨૦૦—સદ્દાલપુત્રે કરેલ ગોશાળમતનો ત્યાગ. તે આ પ્રમાણે—

ત્યારે તે **સદ્દાલપુત્ર** આજીવિકોપાસક ( ગોશાળમતનો **શ્રાવક** ) અન્યદા કદાચિત મધ્યાન્હકાલસમયે જ્યાં અશોકવાટિકા છે ત્યાં આવ્યો. આવીને ગોશાલ મંખળીપુત્રની ધર્મપ્રરૂપણાને સ્વીકારીને બેસે છે ત્યારે તે સદ્દાલપુત્ર આજીવિકોપાસકની સન્મુખ એક દેવ પ્રકટ થયો.

ત્યારબાદ તે દેવ અંતરીક્ષમાં રહ્યો થકો ઘુઘરીવાળા વસ્રોથી યુક્ત બન્યો થકો સદ્દાલપુત્ર ગોશાળશ્રાવકને આ પ્રમાણે કહેવા લાગ્યો.

હે દેવાનુપ્રિય ! કાલે અહીં મહાબ્રાહ્મણ ઉત્પન્ન (કેવલ) જ્ઞાન (કેવલ) દર્શનના ધારક ભૂત–વર્તમાન–ભવિષ્યના જાણનાર અરિહંત જિન કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રણે લોકથી સાશ્ચર્ય જોવાયેલ, વાછેલ, પૂજાયેલ, દેવ–મનુષ્ય તથા અસુરોવાલા લોકને અર્ચનિક, વંદનિક, સત્કાર યોગ્ય, સન્માનનીય, કલ્યાણરૂપ, મંગળરૂપ, ઇષ્ટદેવ તથા ચૈત્યની જેમ ઉપાસનીય, તથા તથ્ય ( સત્ફલવાળી ) ક્રિયાની સંપદાથી યુક્ત (ભગવાન) પધારશે. તું તેઓને વંદન કરજે, યાવત.... સેવજે, પ્રાતિહારવડે પીઠફલક–શય્યા–સંથારાવડે ભક્તિ કરજે, આ પ્રમાણે બીજી વાર કહ્યું; ત્રીજી વાર પણ કહ્યું. એ પ્રમાણે કહીને જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં (દેવ) ચાલ્યો ગયો.

ત્યારે તે સદ્દાલપુત્ર આજીવિક શ્રમણોપાસકને તે દેવના ઉપર પ્રમાણેના કથનથી આ પ્રકારનો અધ્યવસાય (વિચાર) થયો કે—"ખરેખર આ રીતે મારો ધર્માચાર્ય ધર્મોપદેશક ગોશાળ મંખલીપુત્ર જે મહાબ્રાહ્મણ ઉત્પન્ન જ્ઞાન–દર્શનના ધારક યાવત્ તથ્યક્રિયાની સંપદાયુકત છે તે જ કાલે અહીં જલ્દી અવશ્ય આવશે ત્યારે હું તેમને વાંદીશ યાવત્....સેવીશ, પ્રતિહારવડે યાવત્..નિમંત્રીશ. (ભક્તિ કરીશ.)

ત્યારબાદ બીજે દિવસે સવારે સૂર્યનો પ્રકાશ થયા બાદ શ્રમણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન **મહાવીર** પધાર્યા, યાવત...સમોસર્યા. પર્ષદા ( પોલાસપુરની જનતા ) નીકળી યાવત્....સેવા કરે છે.

ત્યારે તે સદ્દાલપુત્ર આજીવિકોપાસક આ વાત જાણે છે કે ખરેખર શ્રમણ ભગવાન્ મહાવીર યાવત્....બીરાજે છે, માટે ત્યાં જાઉં, શ્રમણ ભગવાન મહાવીરને વાંદું યાવત....સેવું. આ પ્રમાણે ધારે છે. ધારીને સ્નાન કરી યાવત....પ્રાયશ્ચિત કરી શુદ્ધપ્રવેશયોગ્ય (રાજસભા કે સમવસરણમાં જવા યોગ્ય) વસ્ત્રો પહેરી, ઓછા પ્રમાણવાળા કીંમતી આભૂષણ અલંકારો ધારણ કરી, મનુષ્યો માટે મોરલી હોય (મનુષ્યોને આકર્ષે) એમ સજ્જ બની પોતાના ઘરેથી નીકળે છે. નીકળીને **પોલાસપુરની** વચમાં જાય છે, ત્યાં થઈને જ્યાં **સહસ્રામ્રવન** ઉદ્યાન છે, જ્યાં શ્રમણ ભગવાન મહાવીર છે ત્યાં આવે છે. આવીને ત્રણ વાર પ્રદક્ષિણા દે છે. તેમ કરીને વંદન–નમસ્કાર કરે છે, નમીને યાવત્...પર્યુપાસના કરે છે.

ત્યારે શ્રમણ ભગવાન **મહાવીર** આજીવકશ્રાવક સદ્દાલપુત્રને તથા તે મહાન્ પર્ષદાને ધર્મ કહે છે યાવત...ધર્મકથા સમાપ્ત થઈ.

સદ્દાલપુત્ર! શ્રમણ ભગવાન **મહાવીર** સદ્દાલપુત્ર આજીવકશ્રાવકને આ રીતે સંબોધીને બોલ્યા કે—' હે સદ્દાલપુત્ર! તું કાલે મધ્યાન્હકાળે જ્યાં અશોકવાટિકા છે, યાવત્...બેઠો હતો ત્યારે તારી સામે એક દેવ પ્રત્યક્ષ થયો. ત્યારબાદ તે દેવ અંતરીક્ષમાં રહ્યો થકો આ પ્રમાણે બોલ્યો કે—અરે સદ્દાલપુત્ર! તે બધું પહેલાની પેઠે યાવત્....સેવા કરીશ તો હે સદ્દાલપુત્ર! આ વાત સત્ય છે?

હા, સત્ય છે.

ખરેખર સદ્દાલપુત્ર! તે દેવે એ ગોશાલ મંખલીપુત્રને ઉદ્દેશીને કહ્યું ન હતું.

ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે આ પ્રમાણે કહેલ તે સદ્દાલપુત્ર આજીવિકોપાસકને આ પ્રમાણે અધ્યવસાય ૪) થયો. આ શ્રમણ ભગવાન્ મહાવીર મહાબ્રાહ્મણ છે, ઉત્પન્ન જ્ઞાન–દર્શનના ધારક છે, યાવત્....તથ્યક્રિયા સંપદાથી યુક્ત છે. એટલે નિશ્ચયભાવે મને શ્રેયસ્કર છે કે શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદી–નમી, પ્રાતિહારવડે પીઠફલકવડે યાવત્....નિમંત્રણ કરવું. આ પ્રમાણે વિચાર્યું, વિચારીને સ્થાનમાંથી ઉઠ્યો, ઉઠીને શ્રમણ ભગવાન્ મહાવીરને વંદન કર્યું–નમસ્કાર કર્યો, એમ કરીને આ પ્રમાણે બોલ્યો.

હે ભગવન્! **પોલાસપુરની** બહાર મારી ૫૦૦ કુંભકારશાળા ( ૫૦૦ કુંભાર–નીંભાડા–ભઠ્ઠી ) છે ત્યાં આપ પ્રાતિહાર પીઠ યાવત્...સંથારો ગ્રહીને વિચરો.

ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીર સદ્દાલપુત્ર આજીવિક–શ્રાવકના આ કથન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(વિનતિ) ને સાંભળે છે, સાંભળીને સદ્દાલપુત્ર–આજીવિકોપાસકની ૫૦૦ કુંભકારશાળામાં ફાસુક પ્રાતિહાર પીઠફલક યાવત્....સંથારા સ્વીકારીને વિચરે છે.

ત્યારબાદ તે સદ્દાલપુત્ર–આજીવિકોપાસક અન્યદા ક્યારેક હવાથી અલ્પસુકાએલ વાસણોને શાલાથી બહાર લાવે છે, લાવીને તડકામાં રાખે છે ત્યારે **શ્રમણ ભગવાન્ મહાવીર** સદ્દાલપુત્ર–આજીવોપાસકને આ પ્રમાણે બોલ્યા.

સદ્દાલપુત્ર! આ કુંભારના વાસણો કઇ રીતે બને ?

ત્યારે સદ્દાલપુત્ર આજીવિકોપાસકે શ્રમણ ભગવાન્ મહાવીરને આ પ્રમાણે ઉત્તર આપ્યો.–હે ભગવન્! આ પ્રથમ માટી હતી, ત્યારબાદ તેને પાણીથી પલાળીએ છીએ, પલાળીને છાર તથા કરિષ (લીંડી) ની સાથે એકમેક કરીએ છીએ, મેળવીને ચાકપર ચઢાવીએ છીએ જ્યારે ઘણા લોટકા યાવત્... તેલની કોઠીઓ બને છે.

ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે સદ્દાલપુત્ર-આજીવકોપાસકને આ પ્રમાણે પૂછ્યું. સદ્દાલપુત્ર! આ વાસણ શું ઉત્થાનવડે યાવત્...પુરૂષાત્કાર–પરાક્રમવડે બને છે કે અનુત્થાનવડે યાવત્...અપુરૂષાત્કાર–પરાક્રમવડે બને છે ?

ત્યારે તે સદ્દાલપુત્ર–આજીવિકશ્રાવકે શ્રમણ ભગવાન્ મહાવીરને આ પ્રમાણે કહ્યું–ભગવન્ ! અનુત્થાનવડે યાવત્....અપુરૂષાત્કાર–પરાક્રમવડે. નથી ઉત્થાન કે યાવત...નથી પરાક્રમ. સર્વ ભાવો નિયત છે.

ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે સદ્દાલપુત્ર–આજીવિકોપાસકને આ પ્રમાણે પૂછ્યું. સદ્દાલપુત્ર! યદિ કોઇ પુરૂષ તારા આ સૂકા અથવા પાકા (ભઠ્ઠીમાં તૈયાર થએલ) વાસણને ચોરી જાય, વિખેરી નાખે, કાણા કરે, ફોડે અથવા બહાર લઇ જઇને ફેંકી દે (તારી) અગ્નિમિત્રા સ્રીની સાથે ઘણા ભોગને ભોગવતો રહે તો તું તે પુરૂષને શું દંડ કરે ?

ભગવન્! હું તે પુરૂષને આક્રોશ કરૂં, (ગાળો ભાડું) હણું, બાંધું, પીટું, તર્જન કરૂં, ચપેટાદિથી મારૂં, પૈસા લઇ મૂકું, તિરસ્કાર કરૂં અથવા અકાલેજ મારી નાખું.

હે સદ્દાલપુત્ર! નીશ્ચયભાવે એ માની શકાતું નથી કે–કોઇ પુરૂષ તારા સુક્કા અથવા પાકા વાસણને ચોરે છે યાવત્ ફેંકી દે છે અથવા અગ્નિમિત્રા કુંભારણ સાથે વિપુલ ભોગ ભોગવતો રહે છે તથા તારે પણ તેને ન આક્રોશવો જોઇએ, ન હણવો જોઇએ, ન અકાલે મારવો જોઇએ કારણ? નથી ઉત્થાન કે યાવત્....નથી પરાક્રમ. **સર્વ ભાવો નિયત** છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કિન્તુ કોઇ પુરૂષ તારા સૂકા યાવત્....ને ફેંકી દે છે અથવા અગ્નિમિત્રાને ભોગવતો રહે છે તે પુરૂષને તું આક્રોશે છે, યાવત...મારી નાખે છે છતાં પણ તું કહે છે કે-નથી ઉત્થાન્ યાવત્....સર્વ ભાવો નીયત છે, તે ( તારૂં કથન ) મિથ્યા છે.

આ પ્રમાણે અહીં સદ્દાલપુત્ર આજીવિકોપાસક બોધ પામ્યો.

ત્યારપછી તે સદ્દાલપુત્ર-આજીવિકોપાસક શ્રમણ ભગવાન્ મહાવીરને વાંદે છે, નમે છે, નમીને આ રીતે કહે છે—હે ભગવન્! તમારી પાસે ધર્મ સાંભળવા ઇચ્છું છું.

ત્યારે શ્રમણ ભગવાન્ મહાવીરે સદ્દાલપુત્ર-આજીવિકોપાસકને ત્યાં જ યાવત્....ધર્મ ઉપદેશ્યો.

ત્યારબાદ તે સદ્દાલપુત્ર-આજીવિકોપાસકે શ્રમણ ભગવાન્ મહાવીરની પાસે ધર્મ સાંભળી-અવધારી હર્ષાત્ તુષ્ટ યાવત....હૃદયવાળા બનીને આનન્દ શ્રમણોપાસકની જેમ ગૃહસ્થધર્મ ( શ્રાવકના બાર વ્રત ) નો સ્વીકાર કર્યો.

( સદ્દાલપુત્રે અગ્નિમિત્રા-પત્નીને ભગવાન્ મહાવીર પાસે મોકલી. તેણે પણ ધર્મરથવડે ત્યાં જઈ શ્રાવિકાના ૧૨ વ્રતનો સ્વીકાર કર્યો. )

આ રીતે તે સદ્દાલપુત્ર શ્રમણોપાસક થયો થકો જીવ-અજીવનો જાણકાર બની યાવત....વિચરે છે.

ત્યારે તે **ગોશાળ** મંખલીપુત્ર આ વાત પામીને વિચારે છે કે-ખરેખર એ રીતે સદ્દાલપુત્રે આજીવિકમત વમીને શ્રમણ નિર્ગ્રંથનો મત સ્વીકાર્યો છે, તો હું જાઉં અને સદ્દાલપુત્ર-આજીવિકોપાસને શ્રમણનિર્ગ્રંથનો મત વમાવી ( છોડાવી ) ફરી વાર પણ આજીવિકમત ગ્રહણ કરાવું. આ પ્રમાણે વિચારીને આજીવિક સંઘ સાથે જ્યાં પોલાસપુરનગર છે, જ્યાં આજીવિક સભા છે ત્યાં આવે છે.

ત્યાં આવીને આજીવિક સભામાં ઉપધિ સ્થાપે છે, તેમ કરીને કેટલાક આજીવિકોની સાથે જ્યાં સદ્દાલપુત્ર-શ્રમણોપાસક છે ત્યાં આવે છે.

ત્યારે તે સદ્દાલપુત્ર-શ્રમણોપાસક ગોશાળ મંખલિપુત્રને આવતો જુએ છે, જોઇને નથી સત્કારતો, નથી સન્માનતો, સત્કાર-સન્માન નહીં કરતો થકો મૌન રહે છે.

ત્યારે તે ગોશાલ મંખલીપુત્રે સદ્દાલપુત્ર-શ્રમણોપાસકવડે અસત્કારિત-અસન્માનિત બનતા પીઠફલક-શય્યા-સંથારા માટે શ્રમણ **ભગવાન્ મહાવીરના** ગુણકીર્તન કરવાપૂર્વક સદ્દાલપુત્ર-શ્રમણોપાસકને આ પ્રમાણે કહ્યું:-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# અમારી પૂર્વદેશની યાત્રા.

## ( ઐતિહાસિક દષ્ટિએ. )

લેખક:—મુનિ ન્યાયવિજયજી

( ગતાંક પૃષ્ઠ ૩૭ થી શરૂ )

બીજે દિવસે સ્હવારમાં પ્રભુની જન્મભૂમિનાં દર્શન કરવા ચાલ્યા. ધર્મશાળાથી ત્રણ માઇલ દૂર પહાડ છે. જતાં વચમાં ચોતરફ પહાડી, નદીઓ અને જંગલો આવે છે. રસ્તો બિહામણો લાગે છે. એકાકી આદમીને ડર લાગે તેવું છે. એકને એક જ નદી છ થી સાત વાર ઉલ્લંઘવી પડે છે. ચોમાસા સિવાય પાણી રહેતું નથી રસ્તામાં પથરા અને કાંકરા ઘણા આવે છે. પહાડની નીચે તલાટીમાં બે નાનાં જિનમંદિરો છે. જ્ઞાતખંડવન કહે છે હાલમાં કુંડેઘાટ કહે છે અને પ્રભુની દીક્ષાનું સ્થાન બતાવે છે. દીક્ષાકલ્યાણકનું સ્થાન કહેવામાં આવે છે; પરન્તુ મૂળનાયક તરીકે..... ની ભવ્ય અને પ્રાચીન મૂર્તિ છે. બન્ને મંદિરોનાં દર્શન કરી આગળ વધ્યા. અહીં ભાતુ અપાય છે. શ્વેતાંબર તરફથી ભાતા-તલાટી નવી બંધાય છે. ઉપરનો ચઢાવ કઠણ અને કઇંક વિકટ પણ છે દેગડાની, કિદુઆની, સકસકી-આની અને ચિકનાની આદિ સાત પહાડી વટાવવી પડે છે. કુલ ત્રણ માઇલનો ચઢાવ છે. લછવાડ ગામથી કુલ ૭ માઇલ છે. દૂરથી મંદિરનું ધવલ શિખર દેખાય છે. મંદિરની નજીકમાં એક નિર્મલ પાણીનો ઝરો છે. પાણીનો ખળખળ શબ્દ બહુ દૂર સુધી સંભળાય છે. દૂરથી

---

હે દેવાનુપ્રિય ! અહીં મહામાહણ આવ્યો હતો.

ત્યારે તે સદ્દાલપુત્ર-શ્રમણોપાસકે મંખલિપુત્ર-ગોશાળને આ પ્રમાણે પૂછયું હે દેવાણુપ્રિય ! મહામાહણ કોણ ?

ત્યારે મંખલિપુત્ર ગોશાલે સદ્દાલપુત્ર-શ્રમણોપાસકને જણાવ્યું કે શ્રમણ-ભગવાન્ **મહાવીર** એ **મહામાહણ** છે.

હે દેવાનુપ્રિય! એમ કેમ કહો છો કે શ્રમણભગવાન્ મહાવીર એ મહા-માહણ છે?

ખરેખર સદ્દાલપુત્ર! શ્રમણ ભગવાન્ મહાવીર મહામાહણ ઉત્પન્ન જ્ઞાન દર્શનના ધારક યાવત....ઇચ્છિત-પૂજિત યાવત....તથ્યક્રિયાની સંપદાથી યુક્ત છે, આથી હે દેવાનુપ્રિય ! એમ કહેવાય છે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહા-માહણ ( મહાબ્રાહ્મણ ) છે.

હે દેવાનુપ્રિય ? અહીં મહાગોપ ( ગોવાળ ) આવ્યો હતો ?

હે દેવાનુપ્રિય ! મહાગોપ કોણ ?

શ્રમણ ભગવાન્ **મહાવીર મહાગોપ** છે. ( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો દેખાવ પણ રળીયામણો લાગે છે. "કહે છે કે ગમે તેવા ભયંકર દુષ્કાળમાં પણ ઝરાનું પાણી ખુટતું નથી." મંદિર મજબૂત અને ઉંચા ગઢની અંદર આવેલું છે. અહીં વાઘ આદિ હિંસક પ્રાણીઓનો ભય છે જેથી મજબુત કોટ સંરક્ષણ માટે રાખેલ છે. મંદિરમાં પરમશાન્તિ-દાયક આહ્લાદક, ભયહર, વિઘ્નનિવારક શ્રી **વીરવિભુની સુંદર પ્રતિમા** છે; દર્શન કરવાથી બધો થાક ઉતરી જાય છે. યાત્રિઓને પૂજા આદિ કરવાની સગવડ અહીં થાય છે. અહીંથી નજીક છે જ્યાંથી નવાદાનો રોડ જાય છે. આ રસ્તે મોટર મંદિરની પાસે આવી શકે તેમ છે.

જે ક્ષત્રિયકુંડની યશગાથા, વૈભવ અને સમૃદ્ધિનું વર્ણન જૈન ગ્રંથોમાં મળે છે ત્યાં આજે ઝાડવા ઉગ્યાં છે. માનવીઓને બદલે હિંસક પશુઓ વસે છે, પક્ષીઓ કલ્લોલ કરે છે. માત્ર એ સ્થાન અને એ ભૂમિ છે. હાલ જે મંદિર છે તેમાં પણ મૂળ ગભારો ખાલી છે. બહાર ગભારામાં પ્રાતમાજી વિરાજમાન છે. મંદિર ઘણા સમયથી બનેલું છે છતાં ન માલુમ કયારે પ્રતિષ્ઠા થશે અને મંદિમાં મૂર્તિ–પ્રભુજી બિરાજમાન થશે. આવા તીર્થોમાં આવી અવ્યવસ્થા કેમ ચાલતી હશે એ સમજાતું નથી. વ્યવસ્થાપકોએ ધ્યાન આ-પવાની જરૂર છે. આવું હજી કેટલો વખત ચાલશે ? અંતિમ શાસનોપકારી પ્રભુના જન્મ-કલ્યાણકના સ્થાને પ્રતિષ્ઠા વિના મંદિર ખાલી રહે અને મૂળનાયકને બહાર રાખવામાં આવે એ કેટલા દુઃખની વાત છે ?

હાલમાં જે ઠેકાણે મંદિર છે ત્યાંથી ત્રણેક માઇલ દૂર ઉત્તરે **લોધાપાણી** નામનું સ્થાન છે. જે મૂળ જન્મકલ્યાણક સ્થાન કહેવાય છે. ત્યાં જવાનો રસ્તો બહુ કઠણ છે. ત્યાં જતાં વચમાં છાતી સુધીનું ઘાસ નડે છે, તેમ રસ્તો પણ ઘસાઇ ગયેલો છે એટલે અમે તો જઇ ન શકયા; પરન્તુ ત્યાં એક મોટો ટીંબો છે. ચોતરફ ફરતો કિલ્લો છે. અં-દર મંદિરનાં ખંડિયેરો છે ત્યાં એક વિશ્વાસુ અનુભવી માણસ મોકલી મુનિમજીએ ત્યાંની ઇંટો મંગાવી હતી. નાલંદા વિદ્યાપીઠ ખોદતાં જેવી અને જેવડી મોટી ઇંટો નીકળી છે તેવડી મોટી ઇંટો છે. લગભગ બે હજારથી પણ વધુ વર્ષોની જુની ઇંટો હશે એમ લાગ્યું. કદાચ મૂળ જન્મસ્થાનનું મંદિર પહેલાં ત્યાં હશે એમ લાગ્યું; પરન્તુ રસ્તાની વિકટતા, ભયંકરતા જોઇ ત્યાંથી સ્થાન ઉઠાવી લઇ અત્યારના સ્થાને મંદિર બંધાવ્યું હશે. બસો વર્ષ પહેલાં પણ આજના જેવી જ સ્થિતિ હતી. મૂળ લોધાપાણી સ્થાન જુદું જ હતું પરન્તુ ત્યાં યાત્રિ ઓછા જતા. તે વખતના યાત્રી વિદ્વાન્ જૈન સાધુ તે સમયનું વર્ણન આ પ્રમાણે આપે છે.

ઢાળ ૫.

"ષાંતિષરી ષત્રીકુંડની જાણી જનમ કલ્યાણ હો વીરજી,
ચૈત્ર સુકલ તેરસિ દિને યાત્રા ચઢી સુપ્રમાણ હો વીરજી. ષાંતિષરી ષત્રીકુંડની. (૧)

× × ×

કુસુમ કલી મનિ મોકલી બિમણા દમણાની જોડી હો,
તલહટ ઈ દોય દેહરા પૂજ્યા જીનમનિ કોડિ હો; વી. ૪
સિદ્ધારથ ઘર ગિરિ શિરિ તિહાં વંદુ એક બિંબ હો.
બિહું કોશે બ્રહ્મકુંડ છઈ વીરહમૂલ કુટુંબ હો. વી. ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂજીઅ ગિર થકી ઉત્તર્યા ગામિ કુમારિય જાય હો.
પ્રમથ પરિષહ ચઉતરઇં વંદ્યા વીરના પાય હો. વી. ૬

× × ×

હવઈ ચાલિયા ક્ષત્રીકુંડમનિ ભાવ ધરી જઈ તીસ કોસ પંથ ઇ ગયા દેવલ દેખી જઈ
નિરમલ કુંડિ કરી સનાન ધોઅતિ પહિરી જઇ; વીરનાહ વંદી કરી મહાપૂજ રચી જઈ.
બાલપણિ ક્રીડા કરીએ દેખી આમલી રૂંષરાય સિદ્ધારથ તિહાં ધરઇ નિર૦
વેષતાં ગઈ ત્રસ[1] ભૂપ. મણો૦ ૨૩
દોઇ કોસ પાસિઈ અચ્છઈ મહાણુ કુંડગામ, દેવાણુંદાતણી કુખિ અવતરવા ઠામ.
તે પ્રતિમા વંદી કરી સારિયા સવિ કામ; પંચ કોસ કાકંદ નયર શ્રી સુવિધહ જન્મ.
હંસસોમવિરચિત પૃ. (૧૮)

× × ×

કોશ છવીસ વિહારથી ચિ૦, ક્ષત્રિકુંડ કહેવાય;
પરવત તલહટીયેં વસે ચિ૦ મથુરાંપુર છે જાય.
કોશ દોય પરવત ગયાં ચિ૦ માહણકુંડ કહેં તાસ,
ઋષભદત્ત બ્રાહ્મણતણો ચિ૦ હુંતો તિણેં ઠાંમે વાસ.
હિવણાં તિહાં તટની વહેં ચિ૦ ગાંમ ઠાંમ નહિં કોય;
જીરણ શ્રી જીનરાજના ચિ૦ વંદુ દેહરાં દોય.
તિહાંથી પરવત ઉપરરિ ચઢયાં ચિ૦ કોસ જીસેં છેં ચ્યાર;
ગિરિ કડખે એક દેહરો ચિ૦ વીર બિંબ સુપકાર.
તિહાંથી ક્ષત્રિકુંડ કહે ચિ૦ કોસ દોય ભૂમિ હોય;
દેવલ પૂજી સહુ વલેં ચિ૦ પિણ તિહાં નવિ જાએ કોય.
ગિરિ ફરસીને આવિયા ચિ૦ ગામ કોરાઇ નાંમ,
પ્રથમ પરિસહ વીરને ચિ૦ વડ તમેં છે તે ઠાંમ.
(સૌભાગ્ય વિ. પૃ. ૯૩.)

આ કવિશ્રીના કથન પ્રમાણે મૂળસ્થાને કોઇ જતું નથી તેવું જ અત્યારે છે. યદિ જૈન સમાજ સવેળા સાવધાન થઇ એ પ્રાચીન સ્થાન નહિં સંભાળે તો અંધકારના આવર્તમાં સપડાઇ તે સ્થાન વિલીન થઇ જશે.

**વર્તમાન સ્થિતિઃ—**

અત્યારે ક્ષત્રિયકુંડ ગ્રામ તદ્દન નાનું ગામડું છે. આ ગામ પહેલાં પહાડ ઉપર જ વસેલું; અત્યારે પણ તેમજ છે. અહીં પ્રભુની બાલક્રીડાની સ્મૃતિરૂપ આમલીનાં ઝાડ પણ હતાં. યદિ નવાદાથી સીધી મોટર બીજે રસ્તેથી લાવવા ધારે તો આવી શકે તેમ છે. ત્યાં ચઢાવ નથી. રસ્તો સારો છે. હવે બીજાં ગામોનાં જે નામો મળે છે તેમાંનાં કેટલાંક અત્યારે પણ છે. કુમારગામ, મહાણકુંડગામ, મોરાક, કોનાગ આદિ ઘણાં નામો મળે છે. વીર પ્રભુએ દીક્ષા લીધા પછી પ્રથમ કુમારગામમાં રાત્રિ ગાળી હતી. તે ગામ અત્યારે છે ત્યાં તેમજ મહાણકુંડ ગામમાં એકલા બ્રાહ્મણોની વસ્તી છે. કોનાગ એ જ કોલ્લાગસન્નિવેશ લાગે છે, જ્યાં પ્રભુને પ્રથમ ઉપસર્ગ થયો હતો તે આ સ્થાન લાગે છે. આ સ્થાને જીનમંદિર હતું. કુમારગામમાં પણ જિનમંદિર હતું અત્યારે ત્યાં

For Private And Personal Use Only

જીનમંદિર નથી. જીનેશ્વરપ્રભુની મૂર્તિને અન્યદેવ-બીજા દેવ તરીકે પૂજે છે. તેમજ ક્ષત્રિયકુંડથી પૂર્વમાં **મહાદેવસીમરીયા** ૬।। માઇલ દૂર છે. અહીં પહેલાં જીનમંદિરો હતા પરન્તુ જૈન વસ્તીના અભાવે ત્યાંની જૈન મૂર્તિઓ પાસેના તળાવમાં નાખી દીધાનું તથા તેને સ્થાને શિવલીંગ અને બુદ્ધમૂર્તિ આવી છે. અહીં પણ બ્રાહ્મણોનું જોર છે, તેમજ અગ્નિ ખુણામાં બસબુદ્ધિ (વૈશ્યપટ્ટી) પણ ગામ છે. આ બધા સ્થાનોએ જૈનમંદિર હતાં. જૈનોની વસ્તી હતી હાલ માત્ર સ્મૃતિરૂપ રહેલ છે. આ આખો પ્રાંત-પ્રદેશ જૈનોથી ભરપૂર હતો. સમયે ત્યાંથી જૈનોને અન્યત્ર જવાની ફરજ પાડી છે, પરન્તુ હજીયે વીરપ્રભુની પૂજા અને જૈનત્વના સંસ્કાર રહ્યા છે ભલે તે છાયામાત્ર છે પણ કોઇ સમર્થ જૈન સાધુ આ પ્રદેશમાં વિચરે તો ઘણો લાભ થાય તેમ છે.

કેટલાક મહાશયો આ સ્થાનને સ્થાપનાતીર્થ માને છે, અને ખરૂં તીર્થ પટણાથી ઉત્તરે ગંગાપાર કોસ ૧૨ **મુજફ્ફરપુર** જીલ્લામાં ગંડકી નદી કાંઠે બિસાડપટ્ટી, જેને વિશાલાનગરી કહે છે અને ખોદકામ ચાલ્યું છે, તેમજ ત્યાં ક્ષત્રિયકુંડ, બ્રાહ્મણગ્રામ, વાણિજ્યગ્રામ, કુમારિયગ્રામ, જ્ઞાતવન, આમલકી ક્રીડાનાં સ્થાન વગેરે સ્થાન હોવાથી ત્યાં માને છે; પરન્તુ અમે જે સ્થાન અને સ્થિતિ જોઇ છે તેથી મને એમ લાગે છે કે આ માન્યતા સંદેહજનક છે. લગભગ સાડાત્રણ સો થી ચારસો વર્ષથી વર્તમાન ક્ષત્રિયકુંડને જ આપણે તીર્થ માનીએ છીએ. તે સમયના યાત્રી સાધુઓ વર્તમાન સ્થાનને જ ક્ષત્રિયકુંડ માને છે. આ સિવાય બીજાં પણ પ્રમાણો એકઠાં કર્યાં છે. આ સંબંધે હું એક સ્વતંત્ર લેખમાં વિચાર કરવાનું મોકુફ રાખી આગળ વધું છું.

અહીંથી અમે વિહાર કરી મહાદેવસિમરીયાનાં જુનાં મંદિર કે જે પહેલાં જિનમંદિર હતાં તે જોઇ સડક રસ્તે પહાડી જોતા જોતા, વીરજન્મ અને વિહારભૂમિનું અવલોકન કરતા કરતા નવાદાના રસ્તે આવ્યા. પુનઃ ગુણાયાજી, વીર નિર્વાણસ્થાન પાવાપુરી અને રાજગૃહીની યાત્રા કરી. રાજગૃહીમાં પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ભારતીયસપુત શ્રીયુત્ જગદીશચંદ્ર બોઝ મળ્યા હતા. રાજગૃહીથી ગુણાયાજી થઇ સીધી સડકે **ભદ્દિલપુર** તીર્થ તરફ ચાલ્યા.

(ચાલુ.)

---

૧. આ સ્થાન ગિધોર દરબારના તાબામાં છે. પોતે ભગવાન મહાવીરના વંશજ-નંદિવર્દ્ધનના વંશજ કહે છે, પરન્તુ ખેદની વાત છે કે મૈથીલી બ્રાહ્મણો-પંડિતોના સંસર્ગથી છેલ્લાં ત્રણ સો વર્ષથી તેમના કુલમાં કાલિદેવી પાસે બલિદાન અપાય છે. બલિદાન પણ લછવાડના આપણા મંદિરની સામે કાલીના મંદિરમાં અપાય છે. આપણા મંદિર અને એની વચમાં આડી નદી છે. બલિદાનમાં સેંકડો બકરાં હોય છે. બરાબર શ્રીવીરનિર્વાણના દિવસેજ બલિ અપાય છે. કોઇક કોઇક વાર તો એટલું બલિદાન અપાય છે કે લોહીની નીક વહે છે અને નદીના પાણીમાં પડે છે જે પાણી આપણા મંદિરના કમ્પાઉન્ડને ઘસાઇને વહે છે. હાય! કાલનું કેવું વિચિત્ર પરિવર્તન છે અહિંસા ધર્મના પરમ ઉપદેશકના મંદિર સામે નિર્દોષ પશુઓ રેંસાઇ જાય અને જૈનો કાંઇ પણ પ્રયત્ન ન કરે? ખુદ્દ વીરનો વંશજ જ્યારે આ કામ કરે અને વીરભક્તજૈનો મૌનપણે જોઈ રહે એ કેટલા દુઃખની વાત છે! યદિ અજીમગંજના શ્રીમાનો પ્રયાસ કરે તો મને વિશ્વાસ છે કે આ પશુહિંસા જરૂર નિર્મૂલ થઈ જશે. વિદ્વાન્ જૈન સાધુઓએ પણ ત્યાં જઈ પ્રયત્ન કરવાની જરૂર છે તેમજ આપણી જીવદયામંડળીઓ પણ સારા ઉપદેશકો મોકલી ઘણું કામ કરી શકે તેમ છે. છેવટે હિન્દના પ્રતિષ્ઠિત જૈનોની સહીવાળું એક મેમોરેન્ડમ મોકલી, એક લાગવગવાળા જૈનોનું ડેપ્યુટેશન મળે તો પણ હિંસા બંધ થઈ જશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનું× અનંત રૂદન.

અનુવાદકઃ– વિનયકાંત કાંતિલાલ મહેતા.

**પ્રભો !** રૂદન એ મારા જીવનનું કેન્દ્ર છે. જ્યારે હું મારા આત્માને આ નરકતુલ્ય તૃણમૂલ્ય માયાવી સંસારમાં–જ્યાં કામ, ક્રોધ, માન, માયા, લોભ, ઇર્ષ્યા, સ્વાર્થ અને ઘૃણાની પ્રચંડ જ્વાળાઓ ચારે દિશામાં ભભૂકી રહી છે, આ કૃત્રિમ, ક્ષણભંગુર સંસારમાં જ્યાં અહંકાર, અભિમાન અને મોહની ભયંકર કાલિમા વિસ્તરી રહી છે–ત્યાં વિલીન થતો જોઉં છું ત્યારે મારૂં ચૈતન્ય ધ્રૂજી ઉઠે છે. પરિણામે હું રૂદન કરવા લાગું છું–હું રોઉં છું–હૃદય રૂવે છે–મારો આત્મા રૂવે છે અને રૂવે છે મારૂં રોમે રોમ.

વ્હાલા વિભો ! આ રૂદન એ જ મારૂં જીવન સર્વસ્વ છે. જ્યાં સુધી મારી જીવનલતાને સીંચવા મારા નેત્રોમાં અશ્રુજળ છે ત્યાં સુધી જ મારી જીવનલતા જીવન્ત છે. મારા આ રૂદનનો અંત એટલે મારા જીવનનો અંત.

જ્યારે હું મારી માનસિક વેદનાઓથી કાયર બની જાઉં છું, જ્યારે મારા આશારૂપી છોડ ઉપર નિરાશારૂપી આવરણ પડે છે, જ્યારે મારૂં હૃદય ઉપરા-ઉપર આવી પડતા સાંસારિક આઘાતોથી ચૂર્ણવિચૂર્ણ થઇ જાય છે–ત્યારે હા ! નાથ ! એ અસહાય અવસ્થામાં મારે માટે રૂદન વિના અન્ય એવું કયું વિશ્રા-મસ્થાન છે ?

હું જન્મ લઈ આ દુઃખદ દુનિયામાં પ્રવેશ કરૂં છું ત્યારેય રોઉં છું—સાંસારિક માયા હસે છે, પિતા હસે છે, માતા હસે છે, સગાંસંબંધી હસે છે અને જગત આખુંય હસે છે—હું તો રૂદન જ કર્યા કરૂં છું. કારણ ? રૂદન મારૂં સર્વસ્વ છે. રૂદન એ તો મારો જન્મસિદ્ધ હક્ક છે.

જીવનના ક્ષણિક સુખદ પ્રભાતનો લય થવા માંડે છે, ઉષ્ણતાના પગલાંના ભણકારા વાગવા માંડે છે. દુઃખોથી ઘેરાયલો બીચારો મનુષ્ય શાંતલતા નીચે બેસી દુઃખોમાંથી પણ એક હાસ્યધ્વનિ પ્રગટાવે છે, હું પણ તેમની પેઠે મારા કૃત્રિમ વિશ્રામ માટે લતાની છાંય શોધું છું; પણ અંતે પામું છું મારા કલ્પિત સુખને બદલે કેવળ વેદનાપૂર્ણ દારૂણ વિષાદની છાયા. હું લતા નીચે બેસી રૂદન

× હિન્દી ઉપરથી સૂચિત. ( ફેરફાર સાથે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરૂં છું. લોકો મને જોઇને હસે છે. હું વધુ ને વધુ રૂદન કરૂં છું. કાંઇક મારે કારણે અને કાંઇક તેમના કારણે.

જ્યારે હું મારી જીવનસંધ્યા પ્રત્યક્ષ નીરખું છું ત્યારેય રૂદનને જ અવલંબું છું. આવા દારૂણ સમયે મારા જેવા પામર માનવો તો શું ? પણ સારોય સંસાર, ધુરંધર વિદ્વાનો અને મહાન્ ધીરવીરો પણ રૂદન કરે છે. એમના સ્વરમાં હું પણ સ્વર મેળવી રોઉં છું.

જ્યારે નિરાધાર ગરીબોને ક્રૂર, શૂન્યહૃદય અભિમાનીઓની અત્યાચાર-સરિતામાં વિલીન થતા જોઉં છું, જ્યારે તેમનો કરૂણ આક્રંદધ્વનિ, તેમના કરૂણ વિલાપ, અને તેમની નિસાસારૂપી મૂક ફરિયાદો સ્વાર્થમય જગતને વ્યક્ત થતા પહેલાં નાશ પામતી જોઉં છું ત્યારે હું વધારે રૂદન કરૂં છું.

પ્રભો ! જ્યારે હું જોઉં છું કે પ્રેમના પવિત્ર પ્રદેશમાં કામ અને વાસનાઓને સ્થાન આપવામાં આવે છે, પ્રેમના નામે મોહ વેચાય છે, સંસારના કૃત્રિમ, ક્ષણિક અને સ્વાર્થમય મોહને પ્રેમના પુનિત નામે ઓળખાવવામાં આવે છે, ત્યારે મારૂં હૈયું કંપી ઉઠે છે. દુઃખના આવેશમાં વાચાશક્તિ તણાઇ જતી લાગે છે, પણ નેત્ર પોતાનું કાર્ય નિરંતર કર્યે જાય છે અને મારૂં રૂદન ચાલુ જ રહે છે.

પ્રભો ! મારા સાગરમાં બિંદુ સમાન જ્ઞાન અનુસાર જાણું છું કે તમને રૂદન કરનારા જ ગમે છે. હસનારાઓને તો તમારાં દર્શન જ દુર્લભ હોય છે. ગણધર ભગવાનશ્રી ગૌતમસ્વામીએ પણ રૂદનનું જ અવલંબન લીધું હતું. રૂદન પછી જ “ વીતરાગ ” શબ્દે મોહનો ધ્વંસ કર્યો અને કેવળજ્ઞાન પામ્યા. મારૂદેવી માતાએ પણ શ્રી ઋષભદેવના વિયોગે અત્યંત રૂદન કર્યું અને ચક્ષુ ગુમાવ્યા. અંતે પ્રભુની ઋદ્ધિ જોઇ, કર્મનાં પડલ ખરી ગયાં: ચર્મચક્ષુ ખુલી ગયાં અને દીવ્યચક્ષુ પ્રાપ્ત થયાં-કેવળજ્ઞાન મેળવ્યું અને તેજ રૂદને જ અંતે. ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પ્રભુએ પણ ચંદનબાળાના બાકુળા ન ગ્રહણ કર્યા. ચંદનબાળાએ પોતાના કમભાગ્ય ઉપર અશ્રુ સાર્યાં; પ્રભુ પાછા ફર્યા અને બાકુળા વ્હોર્યા. કારણ પ્રભુએ બાકી રહી ગયેલું રૂદન જોયું. રૂદનના જ પ્રભાવે ચંદનબાળાએ પ્રભુને વ્હોરાવાનો લ્હાવો લીધો. વિભો ! તમારા દર્શનાર્થે હજારો નિરંતર તપજપ કર્યા કરે છે પણ તમારાં દર્શન મેળવવા જેટલા ભાગ્યશાળી નથી થતા; જ્યારે રોનારાઓની સમીપે આપ સ્વયમેવ જાઓ છો. તો વીતરાગ પ્રભો ! આપ જ કહો, તમને મેળવવા રૂદન સિવાય બીજો કયો સરલ માર્ગ છે ?

વિશ્વંભર ! ક્ષમા કરજો. ઘણો સમય નષ્ટ કર્યો. જ્યારે રૂદન કરવાનું હતું ત્યારે રૂદન લખવા બેસી ગયો. બસ હવે નહિ લખું. કોઇ એકાંત નિરવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરિવર્તન.

( લેખક—નાગરદાસ મગનલાલ. દોશી. બી. એ. )

દક્ષિણ હિંદની અંદર આવેલ એક મરાઠી રાજ્યનો રાજકુમાર એક દિવસ શીકાર ખેલવા નીકળ્યો. તે દિવસ તેનો જન્મ દિવસ હોઇ બીજા આનંદના વિષયોમાં જો શીકાર ન હોય તો ચટ્ણી વગરના જમણુની જેમ રખે જન્મ દિવસનો આનંદ નિરસ નીવડે એવા ભયથી તે દિવસના પ્રોગામમાં શીકારનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. એક સુંદર ઉમદા અરબી ઘોડા ઉપર સ્વાર થઇ લાડીલો રાજકુમાર પોતાના અનુચરો સાથે જંગલમાં જવા નીકળ્યો. ઘણે દૂર જવા છતાં શીકાર ન મળવાથી રાજકુમાર અભયસીંહ હતાશ થવાની અણી ઉપર હતો. પણ એમ એ સાહસિક અને શૂરવીર કુમાર પ્રયત્ન છોડે તેવો ન હતો. તેની ધ્યેય પ્રાપ્તિની વચ્ચે આવતી દરેક મુશ્કેલી તેના પ્રયત્નને ઢીલો કરવાને બદલે વધારે અને વધારે દ્રઢ બનાવતી. શીકારની શોધ માટે તે હવે આગળ ચાલવા માંડ્યો. તેવામાં તેની નજરે વડલાના ઝાડનીચે બેઠેલા એક સાધુ દેખાયા; તે જાણે કોઇ ગંભીર વિચારમાં પડ્યા, હોય તેમ આસપાસની સ્થિતિનું ભાન ભૂલી ધ્યાનસ્થ લાગ્યા. પહેલાં તો કુંવરને માઠું લાગ્યું કે સાધુએ તેને ન નમવામાં અવિનય કર્યો હતો પણ તેના એક અનુચરે કહ્યું કે સાહેબ એતો સૂરીશ્વર છે અને એ રાજા કે બાદશાહની પરવા પણ કરતા નથી તો નમે તો શેનાં ? પોતાના માણસના મોઢેથી સાધુની પ્રશંસા સાંભળીને કુંવર મુનિને વંદન કરવા ગયો. જ્યારે તે તેની પાસે બેઠો ત્યારે કોણ જાણે કેમ પણ તે કુંવર છે એ વાત ભૂલી ગયો. તેનું અભિમાન તેને

---

શાંતિવાળા સ્થળમાં જઇ બેસીશ અને આપ દર્શન નહિ દો ત્યાં સુધી રૂદન કર્યે જઇશ.

પરંતુ ! હા, શું આપનાં દર્શન પ્રાપ્ત થતાં મારૂં “ અનંત રૂદન ” બંધ કરીશ ? નહિ ! પૂજ્ય પ્રભો ! કદાપિ નહિ. મારા અશ્રુજળથી આપના કોમળ પૂજનીય ચરણકમળ ધોવામાં કેટલો અનિર્વચનીય, અમાપ અને અતુલ આનંદ પ્રાપ્ત થશે ? એ આનંદ ઉપર તો હું મારૂં સર્વ દુન્યવી સુખ ન્યોચ્છાવર કરી દઇશ. શું આ દુઃખદ સંસારમાંથી બચવા, પ્રાપ્ત થશે કોઇ એવી સુવર્ણવેળા મારા નાથ ? !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યજી દેતું દેખાયું. તેના જીવનની અંદર આ એક જ સુભાગી દિવસ હતો જ્યારે તેને શાન્તિની સાચી પીછાણ થઈ. સાચા સાધુઓ અને મુમુક્ષોને જોઇને બાદશાહના બાદશાહોને પણ નમવાનું કેમ મન થતું હશે તે વિચાર તેને મુંઝવી રહ્યો. થોડી વાર પછી મુનિશ્રી ધ્યાનમાંથી જાગ્રત થયા ત્યારે વિનયપૂર્વક કુંવરે પૂછયું. "યોગીશ્વર ! આપ અત્યારે એકલાં આ નિર્જન અટવીમાં કયાંથી ?" સ્મિતપૂર્વક મુનિએ જવાબ આપ્યો. "ભાઇ ! હું વિહાર કરતો હતો, રસ્તાનો અજાણ હોવાથી હું અવળે રસ્તે ચડી ગયો. બહુ જ થાક લાગવાથી અત્રે વિશ્રાંતિ માટે બેઠો. હવે હું મારે સ્થળે પહોંચી જઇશ, કારણ કે શહેર બહુ દૂર હોય તેમ લાગતું નથી." કુંવર મહારાજની વાત ધ્યાન દઇને સાંભળતો હતો તેટલામાં એક બનાવે તેનું ધ્યાન ખેંચ્યું. જે વડલા નીચે પોતે બેઠો હતો, તેની ઉપર ચકલીનું એક નાનુ બચ્ચુ બેઠું હતું. ઉપર ઉડતા ગીધની નજર તેના ઉપર પડતાં તેને મારવાને ગીધે ઝડપ મારી. આ જોઇ કુંવર બૂમ મારી ઉઠ્યો. "ભીખુ ! પેલા ચકલીના બચ્ચાને બચાવ અને ત્યાંથી લઇ તેને કોઇ સલામત જગ્યાએ મૂકી આવ." આ હુકમ સાંભળી ભીખુ સ્તબ્ધ બન્યો. થોડા જ વખત પહેલાં હિંસાની શોધમાં રખડતો કુમાર અત્યારે પંખીના બચાવની આટલી કાળજી રાખે એ ભીખુથી ન મનાય તેવી વાત હતી. કુંવરનું આ પરિવર્તન શેને આભારી છે તે વિષે તે કેટલીક અટકળો કરવા મંડ્યો." શું કુંવર એટલો બધો ઝેરીલો છે કે વનમાં પોતે શીકાર કરવાનો હોય તેમાં બીજા કોઇને ન કરવા દે. અગર તો ગીધ ચકલીને મારે એ શું તેને પાપકર્મ લાગે છે કે જેથી તે અટકાવે છે ? અને જો તે પાપ હોય તો પોતે કેમ શીકાર કરે છે ?" આમ વિચારતાં ભીખુને લાગ્યું કે આનું કારણ તો હોવું જ જોઇએ. અને તે આ ગરવા ગુરૂની હાજરી હોય તો કાંઇ ના નહિ ! સાધુએ કુમારનો હુકમ સાંભળ્યો અને તેની અહિંસા માટે માન ઉપજ્યું. "ભાઇ આપ કોણ છો અને કયાં જાઓ છો ?" સાધુએ પૂછયું. "સાહેબ ! હું રાજનગરનો રાજકુમાર અને મહારાણા મંગળસિંહનો પુત્ર છું. મારૂં નામ નાગેંદ્રકુમાર. આજે જન્મદિવસ નિમિત્તે શીકાર કરવા નીકળ્યો છું પણ શીકાર ન મળતા આપ મળ્યા અને આપને વંદન કરવાનું મન થતાં અહીં આવ્યો." સાધુએ આ શબ્દ સાંભળ્યા અને કુંવર વિષે જે સારો મત બંધાણો હતો તે એકદમ દૂર થયે તેણે પૂછયુંઃ "કુંવર ! શીકારની અંદર એવો તે કયો રસ છે કે જેથી ધર્મ લાત મારી બિચારા નિર્દોષ પ્રાણીઓના જીવ લેવા આપ સીધાવી રહ્યા છો ? શીકારની નિંદા સાંભળતા જેમ કોઇ ધનિકને ધનની નિંદા સાંભળી દુઃખ થા તેવું અને તેટલું દુઃખ રાજકુમારને થયું. કુંવરે ઉત્તર આપ્યો. "મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજધર્મ એ શું વસ્તુ છે એ આપથી ન સમજાય! શીકાર રાજાઓ માટે અધર્મ નથી પણ ધર્મ છે. લડાયકવૃત્તિ એ બીજાઓમાં દુર્ગુણ મનાતો હશે પણ રાજવંશીઓની અંદર તે અલંકારરૂપ લેખાય છે. એ વૃત્તિને સદા જાગ્રત રાખવા માટે આવી મર્દાનગીભરી રમતો જરૂરી તો શું પણ અનિવાર્ય છે. જો રાજકુમારો આવી રમતો ન રમે તો શું વણિક અને બ્રાહ્મણ બાળકોની જેમ મોઇદાંડીયા કે નવકુંકી રમે? શું કહો છો મહારાજ?” “વળી કહેવાનું શું હતું ભાઈ! મહારાજે કહ્યું. જોને તારી દલીલો. નિર્દોષ પશુઓને મારવા તેમાં તું મર્દાનગી નિહાળે છે. બિચારા અહિંસક જીવોની હત્યા કરવામાં કઇ મર્દાનગી કે લાભ સમાયા હશે તેની તો તમને જ ખબર પડે! પ્રજાને હેરાન કરતાં, બીજા પ્રાણીઓને હેરાન કરવા એ તો કેવળ શકિત અને વખતનો વ્યય કરવા સમાન છે. રાજાઓની ખાલીખમ લાગતી જીંદગીમાં રસ લાવવાને આવા અર્થહીન કાર્યક્રમો ગોઠવાય છે એ હું સારી રીતે જાણું છું, પણ તેનો બચાવ કરવો અને તેમાંય તેને ધર્મ માનવો અને મનાવવો એ તો કેવળ મૂર્ખાઇ નહીં તો શું કહેવાય? ગુરૂજી ત્યારે શું અમે નવરા છીએ માટે આવી રમતો યોજીએ છીયે. એમ આપ માનો છો? મને કહેવા દ્યો કે જો એમજ હોય તો આપનું ધારવું ભૂલભરેલું છે. અમે રાજવંશીઓ જો કરવા ધારીએ તો અમારે એટલાં કામો છે કે અમે ઘડીભર પણ નવરા ન રહી શકીએ. હા, હું પણ એમજ કહું છું ને. સાધુએ કહ્યું. સમાજમાં જેટલા જવાબદાર અને અગત્યનાં કામો રાજાઓને કરવાના હોય છે તેટલા સમાજના બીજા કોઇ સભ્યોને કરવાનાં હોતાં નથી. પોતાને દેવવંશી અથવા ઇશ્વરના અંશ મનાવનાર રાજાઓના હાથમાં પ્રજાજનોની સુખ–સમૃદ્ધિ અને આબાદિની ઘણી તકો રહેલી હોય છે; પણ એ તકોની સિદ્ધિ અર્થે કામ કરવાની વૃત્તિ કયાં છે? પોતાને પનાળે પડેલાં અબોલ પ્રજાજનોના ભાગ્યનાં નવસર્જન કરવાનાં કોડ કયાં છે? ગરીબ અને નિરાધાર પ્રજાના દુઃખો દૂર કરવા માટે અનેક ક્ષેત્રો રાહ જોઇ રહ્યા હોય ત્યારે કુમાર તમને શીકારની સહેલગાહ કેમ સુખપ્રદ લાગી શકે? યુવરાજ માઠું લગાડશો નહિ. આજે હું બોલતો નથી પણ મારી હૃદયજ્વાળા બોલે છે. આજે મારી બિચારા કરોડો અબોલ લોકોના પ્રતિનિધિ તરીકેની આપને સલાહ છે કે ભવિષ્યના મહારાજા? આવા કુછંદો છોડી પ્રજાના હિતકર કાર્યોમાં ચિત્ત ચોંટાડશો તો જરૂર તમે સુખી થઇ પ્રજાને સુખી કરી શકશો. લાખો લોકોના દુઃખ અને ચિંતા દૂર કરી અનેકના આશીર્વાદ હાંસલ કરી શકશો. વળી લોકો તો તમને ગૌ બ્રાહ્મણપ્રતિપાળ કહે છે. આનો અર્થ રાજાએ ફકત ગાય અને બ્રાહ્મણનું જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન—આચાર.

( ગતાંક પૃષ્ઠ ૪૦ થી શરૂ. )

ગયા અંકમાં પ્રાતઃકાળમાં ઉઠતાં તરતજ નમસ્કારમંત્રનો જાપ કરવા જણાવેલ છે. નમસ્કારમંત્ર એ મહામંત્ર—સર્વ મંત્રોમાં પ્રધાન મંત્ર છે. એ બંને પ્રકારના ( દ્રવ્ય—ભાવ ) વિષને હરનાર છે. પરમધ્યેયરૂપ અને અપૂર્વ શરણરૂપ છે. ગયા અંકમાં મંગળ અષ્ટક તેના અર્થ સાથે જણાવેલ છે; ત્યારબાદ જિનમંદિરે જવું. ત્યાં નિસ્સહી કહી સઘળી આશાતના તજી શ્રી જિનેશ્વર ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દેવી. શ્રી જિનેશ્વરના મંદિરમાં ભોગવિલાસ, મશ્કરી, ચેષ્ટા, નાકાદિકમાંથી મેલ, મુખમાંથી થુંક કાઢવું, નિદ્રા, કલેશ, ખરાબ કથા તથા ચાર પ્રકારનો આહાર તજવો. શાસ્ત્રોમાં દેવની જઘન્ય ૧૦, મધ્યમ ૪૦

---

રક્ષણ કરવું જોઇએ એવો બીલકુલ થતો નથી. ગાય અહિં દરેક નિર્દોષ પ્રાણી માટે સમજવાની છે અને બ્રાહ્મણ દરેક મનુષ્યને સ્થાને છે. એટલે કે રાજાએ નિર્દોષ પ્રાણી અને મનુષ્યનું રક્ષણ કરવું જોઇએ; એનો એ સ્પષ્ટ અર્થ છે. જો આમ હોય તો આપના શીકારની શાસ્ત્રસંમતિ કયાંથી લાવશો ? રાજકુમારને આ છેલ્લી દલીલ ઘણી વજુદવાળી લાગી પણ સાધુ પાસે એ પોતાની હાર કબુલ કરે એવો ભલો કે ભોળો ન હતો. વળી હાર કબુલ કરવા જતા પોતાને પ્રિય લાગતી રમતો છોડવી પડશે એ તે સારી રીતે જાણતો હતો, તેથી તેણે વાત ઉડાડવાનો પ્રયત્ન કર્યો. મહારાજ આ સુફીયાણી સલાહ સ્થાને છે માટે સારી લાગે છે, પણ આપ મારા જેવા સ્થાન પર હોત તો હું આપનું આચરણ આથી ઉલટું સિદ્ધ કરી બતાવત. જે વસ્તુ મળી નથી અથવા મળવાની નથી તેની નિંદા કરવી એ સર્વસાધારણ વાત છે મહારાજ. પણ તારા જેવા સ્થાન ઉપર હું નહિ હોઉં એમ તું કેમ ધારી શકે ? તમારા ભેખ ઉપરથી કુંવરે કહ્યું. કારણ કે જીવનમાં દુઃખ વગર કોઇ ભેખ લેય એમ માનવાને હું તૈયાર નથી. આ શબ્દો સાંભળી સાધુ બોલી ઉઠયા. એ જ તમારી ભૂલ છે ને. વૈરાગ્ય દુઃખમાંથી ઉદ્ભવે છે એ સાચું છે પણ કેટલીક વખત જ્ઞાનમાંથી પણ વૈરાગ્ય પરિણમે છે. અને જ્ઞાનમય વૈરાગ્ય એ જ સાચો વૈરાગ્ય છે. અત્યારસુધી મેં મારી પૂર્વ બીના બીજા કોઇને કહી નથી અને કહેવાનો ઇરાદો પણ ન હતો પણ હવે જ્ઞાનજન્ય વૈરાગ્ય પણ હોય છે તે વાત તમને બતાવવાને તે કહેવાનું મારે માટે અનિવાર્ય થઇ પડયું છે. અપૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ તજવાનું જણાવેલ છે. ( જિજ્ઞાસુએ શ્રાદ્ધવિધિ, દેવવંદન ભાષ્યમાંથી જાણી લેવું )

હે જગન્નાથ! આપને નમસ્કાર ( સંસ્કૃત, પ્રાકૃત કે ગુજરાતી જે ભાષા પોતે જાણતા હોય કે આત્માને આનંદ થાય તે ભાષામાં ) ઇત્યાદિ સ્તુતિ કરી ફળ, અક્ષત, સોપારી વગેરે પ્રભુ સન્મુખ મૂકવું. શુભ ફળના ઇચ્છકે ખાલી હાથે જવું ન જોઇએ.

પ્રભુની જમણી બાજુએ પુરૂષોએ, અને ડાબી બાજુએ સ્ત્રીઓએ રહી ઉત્કૃષ્ટ ૬૦ હાથનો અને જઘન્ય ૯ હાથનો ( અવગ્રહ ) આંતરો રાખી શ્રી જિનેશ્વર પ્રભુને વંદન કરવું.

ત્યારબાદ ઉત્તરાસંગ કરી યોગમુદ્રાએ સ્થિર થઇ મધુરવાણીએ કરી જિનેશ્વર પ્રત્યે પોતાની દૃષ્ટિ સ્થાપી ચૈત્યવંદન કરવું.

પેટ ઉપર બે હાથની કોણીઓ રાખી, કમળના ડોડાના આકારવાળા બે હાથ કરી, માંહોમાંહે આંગળીઓ આંતરવાથી યોગમુદ્રા થાય છે, પછી જિનમંદિરથી પોતાને ઘેર આવી સવારની ક્રિયા ( મલશુદ્ધિ. દંતધાવન વગેરે ) કરે અને ભોજન વસ્ત્રાદિક ઘરની ચિંતા કરે. પછી પોતાના બંધુ તથા નોકરો હોય તો તેને પોતપોતાને જે જે કાર્યો કરવાના હોય તે તે તેઓને જણાવે. તથા આઠ પ્રકારની બુદ્ધિએ કરી યુક્ત તે શ્રાવક ઉપાશ્રયે ધર્મગુરૂ પાસે જાય.

ગુરૂની આશાતના તજીને મસ્તક, બે હાથ અને બે ઢીંચણોવડે ભૂમિતલને વિધિથી પુંજી સ્પર્શવાવડે પંચાંગ પ્રણામવડે ગુરૂમહારાજ તથા બીજા મુનિવરોને વાંદી ગુરૂ સન્મુખ બેસે. પલાંઠી ન બાંધવી, પગ લાંબા પહોળા ન કરવા, પગ ઉપર પગ ન ચડાવવા, બગલ ન દેખાડવી, ગુરૂ મહારાજ બેઠા હોય તેમની પુંઠે કે તદ્દન પાસે કે બંને પડખે બેસવું, ઉભા રહેવું કે ચાલવું નહિં, તેમજ પોતાથી પ્રથમ આવેલ મનુષ્ય સાથે વાત પણ ન કરવી અને નિશ્ચય-વ્યવહાર શાસ્ત્રના ભાવ જાણકારકુશળ પુરૂષે ગુરૂમહારાજ સન્મુખ દૃષ્ટિ સ્થાપી એકાગ્રચિત્તે ધર્મશાસ્ત્રો સાંભળવા. વ્યાખ્યાન પૂર્ણ થયે સ્વસંદેહ ટાળવા અને દેવગુરૂની ભક્તિ કરનાર ભોજકાદિકને યથાશક્તિ દાન દેવું. જેમણે પ્રતિક્રમણ કર્યું ન હોય તે પણ કે જે વિરતિપ્રિય છે તે ગુરૂમહારાજને વંદન કરે અને યથાશક્તિ વ્રત પચ્ચખાણ કરે.

શાસ્ત્રમાં જણાવેલ છે કે દાન આપનાર દાતા હોવા છતાં વ્રત, પચ્ચખાણ, નિયમ વગરનો તે હોય તો તિર્યંચ યોનીમાં તે ઉત્પન્ન થાય છે અને ત્યાં બંધનાદિક સહિત ભોગ ભોગવે છે.

દાની પુરૂષ નરકમાં જતો નથી, વિરતિ, વ્રત, પચ્ચખાણનું પાલન કરનાર તિર્યંચપણું પામતો નથી, દયાળુ મનુષ્ય ઓછા આયુષ્યવાળો થતો નથી અને સત્યવક્તા નિરંતર સત્ય ( પ્રિય, પથ્યયુક્ત ) બોલનાર દુઃસ્વર થતો નથી. વિશેષ હવે પછી—

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ.

અનુવાદક—વિઠ્ઠલદાસ એમ. શાહ.

( ગત પુ. ૩૦ ના અંક ૧૨ ના પૃષ્ઠ ૨૮૪ થી શરૂ. )

જીવનમુક્ત દશામાં જેમ માનવામાં આવે છે તેમ સંસાર પણ સંપૂર્ણપણે અદૃશ્ય નથી થતો. અલબત, આનુભાવિક જગતનું અસ્તિત્વ નથી રહેતું, પરંતુ તેને પ્રલય નથી કહી શકતા, તેમાં કેવળ એટલો જ અર્થ થાય છે કે અસ્તિત્વ પૂર્ણતા માટે પોતાના રૂપ રંગ–બદલે છે. કેવળ અનુભવાત્મક અસ્તિત્વ જ અદૃશ્ય થાય છે, સમસ્ત અસ્તિત્વ નહિ. અસ્તિત્વ વસ્તુ–તત્ત્વ રહી જાય છે, કેવળ તેનું મર્યાદિત રૂપ અદૃશ્ય થાય છે. બાહ્ય વિષયતા ચાલી જાય છે, દેશ તથા કાળ સંબંધી પદાર્થોનું દૃશ્ય અવશ્ય લુપ્ત થઇ જાય છે, વસ્તુઓનું પારસ્પરિક કાર્ય–કારણ ભાવ પણ ચાલ્યું જાય છે. એકત્વ અને બહુત્વ પણ સાથોસાથ ચાલ્યું જાય છે. તે અવશ્યંભાવી છે; પરંતુ જગત્ પોતાના સમસ્ત તત્ત્વોની સાથે મુક્તાત્માનું નિમિત્ત પણ નથી જતું. મિથ્યાદૃષ્ટિ, મર્યાદિત ક્ષિતિજ, ભ્રમાત્મક ભાવ તથા મર્યાદિત દૃશ્યો સિવાય બીજું કશું પણ અદૃશ્ય નથી થતું. સત્ય, વસ્તુ-તત્ત્વ, અસ્તિત્વ હમેશાની જેમ મૂળ રૂપમાં રહેશે; પરંતુ દૃષ્ટિકોણ બદલાઇ જશે.

સંસારમાં તત્ત્વચિંતન કરનાર ઘણા થોડા હોય છે. આપણામાંના ઘણા મનુષ્યો નથી જાણતા કે સચ્ચિન્તન શું વસ્તુ છે. અનેક મનુષ્યોનું ચિંતન ગંભીર નથી હોતું. ગંભીર ચિંતન માટે દૃઢ સાધનની આવશ્યકતા છે. મનના યોગ્ય વિકાસ માટે તો અસંખ્ય જન્મો લાગે છે, ત્યારે કંઇક મન ગંભીરતાપૂર્વક યોગ્ય ચિંતન કરે છે. સાધના (મનન) માટે એક તીક્ષ્ણ બુદ્ધિની આવશ્યકતા છે. દૃઢ ચિંતન, નિયમિત ચિંતન, સ્પષ્ટ ચિંતન, બધા વિષયોના મૂળના વિષયમાં ચિંતન, બધી પરિસ્થિતિઓનાં મૂળતત્ત્વનું ચિંતન, સમસ્ત વિચારો અને જીવનની ધારણાઓના વિષયમાં ચિંતન–એ સર્વ સાધનાના તત્ત્વ છે. જુના ભાવ ગમે તેટલા ક્લિષ્ટ હોય તો પણ જયારે તેની જગ્યાએ એકાદ નવીન દિવ્ય ભાવ પ્રાપ્ત થાય છે ત્યારે તેને છોડવો જ પડે છે. ભક્તિમય થઇ જાઓ, સ્વતંત્ર તથા મૌલિક ચિંતનનો આશ્રય લ્યો.

તત્ત્વજીજ્ઞાસુ તથા આધ્યાત્મિક સાધકને માટે જુદી જુદી વાસનાઓ તથા બાહ્ય વિષયોથી પૂર્ણવિરામ તથા તે સાથે આંતરિક વિષયોનું મનન અને અધ્યાત્મ તત્ત્વની અમૂર્ત ભાવનાની યોગ્યતાની અપેક્ષા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાંસુધી સમસ્ત ક્ષુદ્ર ઇન્દ્રિયો મૌન ધારણ નથી કરતી ત્યાં સુધી શુદ્ધ ચૈતન્યનો અવાજ સંભળાતો નથી.

આત્માનુભવનો સીધો ઉપાય મનની શાંતિ છે જ્યારે મન નિશ્ચલ રહે છે ત્યારે જ ધ્યાન કરી શકાય છે.

સાધારણ મન એકી વખતે કાં તો સાંભળી શકે છે અને કાં તો જોઇ શકે છે; પરંતુ પૂર્ણતા પામેલું મન એક જ સમયે જોઇ શકે છે અને સાંભળી પણ શકે છે તે સમસ્ત ઇન્દ્રિયોથી અથવા એક જ ઇન્દ્રિયથી યુક્ત થઇ શકે છે અને કોઇ પણ ઇન્દ્રિયથી યુક્ત નથી થઇ શકતું. યોગી પુરૂષ પોતાની ઇચ્છાનુસાર તેનો પ્રયોગ કરી શકે છે. તે એક જ સમયે આઠ કામ કરી શકે છે તેને અષ્ટાવધાન કરે છે. તે એક જ વખતે દશ કામ કરી શકે તો તેને દશાવધાન કહે છે.

ચર્મચક્ષુ પ્રત્યક્ષનું કેવળ બાહ્ય કારણ છે. દર્શનની એ ઇન્દ્રિય નથી. દર્શનની ઇન્દ્રિય એક કેન્દ્ર છે જે મસ્તિષ્કમાં અવસ્થિત રહે છે. એ જ વાત સમસ્ત ઇન્દ્રિયોની છે. મન ઇન્દ્રિયોની સાથે સંબંધવાળું છે. ઇન્દ્રિયો મસ્તિષ્કમાં પોતાને અનુકૂળ કેન્દ્ર સાથે સંબંધિત છે. તે કેન્દ્ર ચર્મચક્ષુઓ સાથે અને ચર્મ-ચક્ષુ બાહ્ય વિષયો સાથે સંબંધ રાખે છે. મન સંવેદનને બુદ્ધિની પાસે પહોંચાડે છે, બુદ્ધિ તેને શુદ્ધ ચૈતન્યની પાસે લઇ જાય છે ત્યારે ખરી રીતે પ્રત્યક્ષ થાય છે. પુરૂષ કર્મેન્દ્રિયોને કર્મમાં પરિણીત કરવાની આજ્ઞા કરે છે એ પ્રત્યક્ષ જ્ઞાનનો સિદ્ધાંત છે.

મનની અંદર પોતાની ગંભીરત તરફ જોવાતા એક વિચારાત્મક શક્તિ રહેલ છે. યોગી પુરૂષ એ શક્તિને વિકસિત કરે છે. એ યાગિક વિશેષતા વધારવામાં અંતઃપ્રેક્ષણ સહાય કરે છે. આજથી જ એક બંધ એકાંત ઓરડીમાં મૌન રાખીને બેસો, મનનું સાવધાનીપૂર્વક નિરીક્ષણ કરો. ધૈર્ય રાખો, તમારા મનને તમારો પરિચય ન આપો, માત્ર સાક્ષી બનો, તમારી ચેતનાને અલગ રાખો; તમને જુદી જુદી માનસિક દશાઓનું જ્ઞાન ધીમે ધીમે થઇ જશે.

જે મનને વશ કરવા ઇચ્છે છે તેણે વાસના અને તામસિક તપની બંને સીમા-ઓથી બચવું જોઇશે. શક્તિ ઉપરાંત અધિક ઉપવાસથી દુર્બલતા આવી જાય છે અને માણસ કશી સાધના કરી શકતો નથી, ચિંતન કરી શકતો નથી અને મનન કરી શકતો નથી. તમારી પ્રકૃતિ પ્રમાણે ભોજન લ્યો, તે બાબતમાં વિશેષ આ-ડંબર ન વધારો. કોઇપણ જાતની હિંસા અને અપવિત્રતા વગરનો જે આહાર સ્હેલાઇથી પ્રાપ્ત થઈ જાય તથા તમારા મન તથા શરીરને અનુકુળ હોય છે તે સાત્વિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનને કોઇ બાહ્ય વિષય, આંતરિક ચક્ર અથવા અમૂર્ત ભાવના ઉપર લગાડવાનેજ ધારણા કહે છે.

'देशबन्धश्चित्तस्य धारणा'

મન તથા પાંચ તત્ત્વોની વચ્ચે એક આંતરિક સંબંધ છે. જ્યારે અગ્નિ તત્વ નાકમાં છિદ્રોમાંથી પ્રવાહિત થાય છે ત્યારે મન ક્ષુબ્ધ થઇ જાય છે અને ધ્યાનમાં અડચણ આવે છે. આકાશ–તત્ત્વના પ્રવાહમાં ધ્યાન ઘણું જ અનુકૂળ થાય છે. નાસિકા–છિદ્રોમાં પાંચે તત્ત્વોના પ્રવાહનું જેને જ્ઞાન–હોય છે તેઓ ધ્યાનમાં ઘણી જ ત્વરાથી આગળ વધી શકે છે. ધ્યાન કરનાર માટે સ્વરસાધન અથવા તો સ્વરોદયનું જ્ઞાન જરૂરનું છે.

જ્યારે સુષુમ્ના નાડી કામ કરતી હોય છે અર્થાત્ જ્યારે બન્ને નાસિકા–છિદ્રોમાંથી શ્વાસપ્રશ્વાસ ચાલતો હોય છે ત્યારે ધ્યાન સ્હેલાઇથી સુખપૂર્વક થઇ શકે છે, મન પ્રશાંતદશામાં રહે છે. સુષુમ્નાની ક્રિયાશીલદશામાં સત્ત્વ-ગુણની અભિવૃદ્ધિ થાય છે. ધ્યાન માટે માણસ બેસે છે કે સુષુમ્ના વહેવા લાગે છે.

ધ્યાનના અભ્યાસથી સ્નાયુજાળ, મસ્તિષ્ક અને મનમાં પુરેપુરૂં પરિવર્તન થાય છે. તેનાથી સ્નાયુપ્રવાહ, કંપન, સ્નાયુપંથ, કોણ, સ્નાયુ-પ્રણાલી નવીન થઇ જાય છે. આખુંયે મન બધા સ્નાયુજાળનું પુનર્નિર્માણ થઇ જાય છે. તેનાથી તમે નવનિર્મિત હૃદય, નવીન મન, નવીન સંવેદના અને નવીન અનુભવો, નવીન ચિંતન અને ક્રિયા, તથા નવીન વિશ્વદૃષ્ટિ (પ્રભુમય જગત્) ને ઉન્નત કરો છો.

પ્રાણાયામ અર્થાત્ શ્વાસક્રિયાને વશ કરવાથી રજોગુણ અને તમોગુણના પડદા જે સત્ત્વગુણને છુપાવી રાખે છે તે ખસી જાય છે. તેમાંથી નાડીઓ શુદ્ધ થઇ જાય છે. તેનાથી મન દૃઢ અને સ્થિર થઇ જાય છે અને એકાગ્રતા ને યોગ્ય બનતું જાય છે.

મન પોતે જ બાહ્ય જગત્‌ના આકારમાં પ્રકટ થાય છે. વિષયીના વિચારથી મન ચેતન સ્વરૂપ છે અને વિષયના વિચારથી વિશ્વરૂપ છે.

મન પોતાનાં બધાં કામો ઘણી જ શીઘ્રતાથી લિંગશરીરમાં પુરા કરે છે, પરંતુ સ્થૂળ શરીર એ નથી જાણતું અને કર્મહીન જ પડયું રહે છે.

અનાદિ પુરૂષ સંકલ્પદ્વારા જેટલા રૂપ ધારણ કરે છે તે સઘળું મન જ છે.

મનને અધુરા જ્ઞાનથી ઘણું જ કષ્ટ થાય છે. એ મહાન આત્માઓ પાસેથી પ્રાર્થનાદ્વારા સહાયતા ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના.

**પટ્ટાવલી સમુચ્ચય:** સં. મુનિમહારાજશ્રી દર્શનવિજયજી મહારાજ. અનેક વિવિધ પ્રકારના સાહિત્ય, ઇતિહાસ, પૂજા, કાવ્ય, જ્યોતિષ વગેરેનું સંશોધન કરી કેટલું નવું બનાવી–પ્રકટ કરી મુનિમહારાજશ્રી દર્શનવિજયજી મહારાજ સાહિત્યસેવા કરવા સાથે જૈન સમાજ ઉપર ઉપકાર કરતા રહ્યાં છે. તેવું જ સંશોધનરૂપે આ ગ્રંથ તેઓએ તૈયાર કરેલ છે. આ ગ્રંથ જૈન ઇતિહાસને લગતો એટલા માટે છે કે પટ્ટાવલી તે ઇતિહાસનું મુખ્ય અંગ ગણાય છે. આ ગ્રંથ ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર કરવામાં આવ્યો છે તેમાં જુદી જુદી કુલ તેર પટ્ટાવલીઓ છે, જેમાં ત્રણ વાચકવંશની તેમજ દશ ગણધરવંશની છે; તેનું સંક્ષિપ્ત વર્ણન પ્રથમ આવેલ ઉપક્રમમાં આવેલ છે. પ્રથમ ભાગમાં ૧૬ પટ્ટાવલીઓ, ૧૦ અનુપૂર્તિ, તથા આવશ્યક પરિશિષ્ટ, અને જરૂર પડતા સ્થળે ફુટનોટ, પાઠાંતર અને જિજ્ઞાસુઓની સરલતા ખાતર સાત પ્રકારના ભિન્ન ભિન્ન અકારાદિ અનુક્રમણિકા આપી ગ્રંથ પૂર્ણ કરવાનો અપૂર્વ પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથની વસ્તુ સંકલના એવી રીતે કરવામાં આવેલ છે. જૈન ઇતિહાસના અભ્યાસીઓને અવશ્ય માર્ગદર્શક–ભોમીયા–સહાયકરૂપ બનેલ છે. મહારાજશ્રીની ઇચ્છા

---

વાસ્તવિક આનંદ તો ત્યારે જ થાય છે કે જ્યારે મન બાહ્ય જ્ઞાનવડે સમસ્ત ઇચ્છાઓથી બહિભૂત થઇને પોતાના સૂક્ષ્મ રૂપને નષ્ટ કરી દે છે.

સંકલ્પ અને વાસનાઓ જ, જેને આપણે જ ઉત્પન્ન કરીએ છીએ, આપણને પાંજરામાં પુરી દે છે, બંધનમાં રાખે છે. આપણા ઉચ્ચ સાત્ત્વિક મન તથા વિવેક-દ્વારા આપણા આંતરિક મનનો નાશ કરવો જોઇએ.

વિચારો જુદા જુદા પ્રકારના તથા પરિવર્તનશીલ હોય છે. ઘડીક સારા વિચાર આવે અને પાંચ મીનીટ પછી જ ખરાબ વિચાર ઉત્પન્ન થાય છે. મન ઘણું જ ચંચળ હોય છે અને હમેશાં બદલાતું રહે છે. એટલા માટે તે કદિ પણ એકરસ રહેનાર કૂટસ્થ આત્મા નથી થઇ શકતું.

મન હમેશાં બદલાતું અને ભટકતું રહે છે. મનનો એ ચંચળ સ્વભાવ જુદીજુદી રીતે પ્રકટ થાય છે. મનના એ સ્વભાવને રોકવા માટે હમેશાં સાવધાન રહેવું પડે છે. એક સંસારીનું મન સિનેમા, નાટક, સરકસ વગેરે તરફ ભટકયાં કરે છે. સાધુનું મન ધર્મસ્થાનો તરફ ભટકતું હોય છે. અનેક સાધુઓ સાધના કરતી વેળા એકસ્થાને નથી રહેતા, મનના ચંચળ સ્વભાવને એવા એક સ્થાનમાં, એક જાતની સાધનામાં, એક ગુરૂમાં તથા એક જ પ્રકારના યોગમાં લગાડી રાખવું જોઇએ. ( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનો બીજો ભાગ તૈયાર કરવાનો છે તેમ જણાય છે. સંસ્કૃત પ્રાકૃત ગ્રંથો લેખક અને પ્રકાશક મહાશયો તેની પ્રસ્તાવના હવે ગુજરાતી કે હિંદી ભાષામાં લખે છે તે આવકારદાયક એટલા માટે છે કે બાળજીવો-તે ભાષાના અજ્ઞજીવો પણ તે વાંચી કંઇ જાણીને આનંદ મેળવી શકે છે.

ઇતિહાસના શિલાલેખો, પ્રશસ્તિ, સિક્કાઓ, તામ્રપત્રો, રાસસંગ્રહ, બનેલ ચરિત્રો જેમ ઇતિહાસના અંગો છે, તેમ પટ્ટાવલી તે મુખ્ય અંગ હોઇ ઇતિહાસના અભ્યાસીઓને તૈયાર કરવા આવશ્યક વસ્તુ છે, જેથી પટ્ટાવલી પ્રથમ ભાગ જૈન ઇતિહાસ-સાહિત્યમાં અમૂલ્ય ઉમેરો કરે છે. કીમત રૂ. ૧-૮-૦ પ્રસિદ્ધકર્ત્તા શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાળા. વીરમગામ-ગુજરાત.

---

૨ **વિદ્યાર્થીઓ અને યુવકોને :** સંયોજક શાંતિલાલ વનમાળી શેઠ. બ્રહ્મચર્યની આવશ્યકતા કે જે યુવકો અને વિદ્યાર્થીઓને ઉપયોગી છે તે આ બુકમાં જુદા જુદા સતર પ્રકરણમાં આપી તેની જરૂરીયાત સિદ્ધ કરી છે કે જે દરેક વિદ્યાર્થીઓને જરુર ઉપયોગી છે. આવા વિષયોને માટે બાળકો માટેની શાળાઓમાં ભાષણો દ્વારા તે સમજાવવાની જરૂર છે. લેખકોનો પ્રયાસ યોગ્ય છે અને દરેક મનન કરવા જેવો છે. છેવટે આંખ ઉઘાડો તે પ્રકરણ ખાસ જાણવા જેવું છે અને બ્રહ્મચર્ય વિષે સુભાષિતો આપી આ લઘુ ગ્રંથને ઉપયોગી બનાવ્યો છે. કિંમત ચાર આના. પ્રકટકર્તા ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય-અમદાવાદ. ગાંધી રોડ અમદાવાદ. આવા ગ્રંથો પ્રકટ કરે છે જેથી સાહિત્ય અને જનસેવા તેઓ બજાવે છે જે ખુશી થવા જેવું છે.

---

૩ **સિરિસિરિવાલકહા:** બીજો ભાગ. શ્રી રત્નશેરસૂરિજીકૃત. પ્રાકૃત સંપાદક **વાડીલાલ જીવાભાઇ ચોકસી.** બી. એ. આ ગ્રંથ અમે તેના પ્રથમ ભાગની સમાલોચના ( આત્માનંદ પ્રકાશ પુ૦ ૩૦ અંક ૧ લામાં ) જણાવ્યા પ્રમાણે યુનીવરસીટીએ ટેકસ્ટબુક તરીકે મંજુર રાખેલ છે, શ્રીયુત વાડીલાલભાઇએ આ ભાગમાં પણ કોલેજમાં કે ખાનગી અભ્યાસ કરનારને સરલ થઇ તે રીતે સંકલના કરી છે. સંપાદક મહાશય બી. એ. થએલ હોઇ તેમજ જૈન ધર્મના પણ સારા અભ્યાસી હોઇ પોતાની વિદ્વત્તાનો સંપૂર્ણ પરિચય આ ભાગમાં પણ આપેલ છે. પ્રથમ પોતાનું નિવેદન આપી ૪૬ પાનામાં તેઓશ્રીએ આપેલ ઇંગ્લીશ પ્રસ્તાવના ખાસ વાંચવા જેવી છે. ( અમો નમ્ર સૂચના કરીએ છીએ કે આવા ગ્રંથોની હાલની પદ્ધતિ પ્રમાણે ગુજરાતી કે હિંદિ ભાષામાં પ્રસ્તાવના શ્રીયુત વાડીલાલભાઇ આપે તો તેને ભાષાના જાણનારને કંઇક જાણવાનું કે અને સંપાદક મહાશયની વિદ્વત્તાનો પણ લાભ વિશેષ મળી શકે.) ત્યારબાદ ૩૭૮થી ૭૫૭ સુધી મૂળ ગાથાઓનો પછી ઇંગ્લીશ તરજુમો, નોટસ, બે એપેનડીક્ષો Brief outline of story વગેરે આપી પ્રથમ ભાગની જેમ આ ભાગને પણ જૈન જૈનતર કે જૈન ધર્મના અભ્યાસી યુરોપીયન વિદ્વાનોને પણ અવશ્ય ઉપયોગી બને તેવો બનાવ્યો છે. જૈન ધર્મ પાળતા એક વિદ્વાનના હાથે ગ્રંથ તઇયાર થાય તે વિશેષ ખુશી થવા જેવું છે. કિંમત બે રૂપૈયા. પ્રકટ--કર્ત્તા રમણિક પી. કોઠારી ગાંધીરોડ અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમરાઇચ્ચ કહા–સિરિહરિદ્દસૂરિઃ** (સમરાદિત્ય કથા–શ્રી હરિભદ્રસૂરિજી કૃત) સંપાદક **એમ. સી. મોદી** એમ. એ. એલ.એલ. બી. પરશુરામભાઉ કોલેજ પુનાના ફેલો) આ ગ્રંથમાં સમરાદિત્ય કથા પ્રથમ બે પ્રકરણો મૂળ આપેલ છે. તેના સંપાદક એમ. એ. થયેલા અને સાક્ષર હોવાથી તેના અભ્યાસીઓને સરલ થઇ પડે તે રીતે પ્રથમ વિસ્તારથી તેની ઇગ્રેજીમાં પ્રસ્તાવના, પછી ભૂમિકા, બે ભવ મૂળમાં (પ્રાકૃત) ઇંગ્લીશ નોટ, અઘરા શબ્દોનો કોષ અને સંસ્કૃત ટીપણી આપી તેની સંકલના એવી રીતે કરવામાં આવી છે કે જૈન–જૈનેતર અને યુરોપીયને વિદ્વાનોને પણ અવશ્ય ઉપયોગી અભ્યાસ માટે થઇ પડે તેમ છે, વિદ્વાન બંધુઓના આવા આવકાદાયક પ્રયત્નથી જૈન દર્શનના આવા મૂળ ગ્રંથો ટેકસ્ટ તરીકે થાય તે જૈન સમાજે ખુશી થવા જેવું છે. વિદ્વાન બંધુઓ જે આવા પાઠય પુસ્તકો તૈયાર કરવાનો તે પ્રયત્ન કરી રહ્યા છે. અતિ પ્રશંસનીય છે. પ્રકટકર્ત્તા શંભુલાલ જગશી ગુજરાત ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ.

---

**શ્રી અખીલ ભારતવર્ષીય ઓસવાલ મહાસંમેભન**:–પ્રકાશક- રાવસાહેબ કૃષ્ણલાલ બાફણા બી. એ. મંત્રી–પ્રથમ સંમેલન. અધિવેશન અજમેરનો રીપોર્ટ જ્ઞાતિ કે સમાજના સંગઠ્ઠન અને તેની ઉપયોગિતા માટે આવા સંમેલન અતિ ઉપયોગી છે. આ સંમેલનના સભાપતિ શ્રીયુત પૂરણચંદજી ન્હારનું વિદ્વતાપૂર્ણ ભાષણ મનનીય છે. અ. સંમેલન જુદા જુદા વિષયો છે લગ્નમાં થતાં નૃત્ય, આતશબાજી ગાજાવાજાનો આડંબર; જમણવારમાં ઓછો ખર્ચ, કન્યા તથા વરવિક્રય, સ્ત્રીઓમાં પડદાનો રિવાજ દૂર કરવાનો, નાની ઉમરના (૧૮ વર્ષનો પુત્ર ચૌદ વર્ષ પહેલાં પુત્રીના) લગ્ન ન કરવા, શિક્ષણ પ્રચાર કરવા રોટી–બેટી વ્યવહાર સમાજની સાથે કરવા વગેરે ઠરાવ બંધારણ માટે કરવામાં આવેલી છે. આવા સંમેલનોમાં ઠરાવો સરસ રીતે થયાં છતાં કાં તો ઠરાવોનું પાલન શિથિલ કરે, કાં તો કુસંપથી સંમેલન મળતું બંધ થાય છે. તેમ ન થાય. તેમ સંમેલનના કાર્યવાહકોને નમ્ર સુચના કરીએ છીએ. જુદા જુદા શહેરના મુખ્ય અગ્રસરોની ચુંટણી કરી સમિતિ નિમવામાં આવી છે તે યોગ્ય કર્યું છે. તેઓશ્રી પોતાના શહેરમાં આ સંમેલનમાં થયેલ ઠરાવોનું પાલન કરે–કરાવે એમ સુચવી શ્રી ઓશવાલ જ્ઞાતિ ભવિષ્યમાં ઉન્નતિ પ્રાપ્ત કરે તેમ ઇચ્છીએ છીએ.

૬ **જૈન વિદ્યાર્થી આશ્રમ**—સૂરતનો ૧૧–૧૨–૧૩ ત્રણ વર્ષનો રીપોર્ટ. આ આશ્રમની કમીટી વ્યવસ્થિત રીતે કાર્ય કરે છે તેમ અમો તેમના આ અને આગલા રીપોર્ટથી જોઇ શકીયે છીયે. વર્ત્તમાન સમયમાં કેળવણી પ્રચારનું કાર્ય જ સમાજને મુખ્યરીતે અતિ ઉપયોગી–આવશ્યકીય છે જે આશ્રમે હાથ ધરેલ છે. વ્યવસ્થા યોગ્ય રીતે હિસાબ ચોખવટપણે છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીએ.

## આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહુારાજની જયંતી.

ગત આસો શુદ ૧૦ ગુરૂવારના રોજ શ્રીવિજયકમળસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસ તિથિ હોવાથી શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સવારના નવ વાગે મોટા જીનાલયમાં શ્રી પંચતીર્થની પૂજા ભણાવી પરમાત્માની આંગી રચાવી હતી, બપોરના બાર વાગે સભા તરફથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું.

મૂળ પ્રાકૃત–સંસ્કૃત.

| | |
|---|---|
| શ્રી વસુદેવહિંડિ ભાગ. ૧ લો પ્રથમ અંશ | ૩–૮–૦ |
| ,, ,, દ્વિતીય અંશ | ૩–૮–૦ |
| શ્રી બૃહત્કલ્પ પ્રથમ ભાગ. | તૈયાર થવા આવેલ છે. |
| પાંચ કર્મગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સહિત. | ,, |

ગુજરાતી ભાષાના ગ્રંથો.

| | |
|---|---|
| શ્રી પ્રભાવચરિત્ર. ( જૈન ઐતિહાસિક ગ્રંથ. ) | ૨–૮–૦ |
| શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) | ૧–૦–૦ |
| શ્રી ધર્મ પરીક્ષા. | ૧–૦–૦ |
| શ્રી સુરસુંદરી ચરિત્ર. | છપાય છે. |
| શ્રી મહાવીરચરિત્ર. | ,, |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ. | ,, |

## " તપોરત્ન મહોદધિ–ભાગ ૧–૨ "

આત્માને મોક્ષ મળવાનું–કર્મનિર્જરા કરવાનું મુખ્ય સાધન જો કોઈ હોય તો તપ મુખ્ય પદ છે. તેથીજ અત્યાર સુધીના પ્રચલીત ( કરવામાં આવતા ) અને અપ્રચલીત ( નહી જાણવામાં આવેલ તેવા ) જુદી જુદી જાતના ૧૬૧ તપ શાસ્ત્રાધારે તેની વિધિ વિધાન સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, સાથે કયો તપ કયા ગ્રંથ અથવા આગમ વગેરેમાં છે તેની હકીકત પણ આપવામાં આવેલ છે. તપસ્યા કરનાર મનુષ્યને તેનું, તેના ફળનું, તેના વિધિવિધાનનું જ્ઞાન ન હોય તો તે જોઇયે તેવું ફળ મેળવી શકતો નથી, તેથીજ આ ગ્રંથમાં તે તમામ હકીકત સવિસ્તાર આપવામાં આવેલ છે કેટલાક તપોનાં નામ વગેરે પણ જાણવામાં નહીં આવેલા હોય તે તમામ જીજ્ઞાસુ મોક્ષના અભિલાષીઓ માટે ઐહિક–પરમાર્થીક સુખની ઇચ્છાવાળાઓ માટે આ એક અપૂર્વ ગ્રંથ છે. સર્વ લાભ લઇ શકે તેટલા માટે શાસ્ત્રી ટાઈપમાં ગુજરાતી ભાષામાં છપાવેલ છે. ઘણા ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે, મંગાવવાથી ખાત્રી થશે. માત્ર તપના જીજ્ઞાસુઓને લાભ આપવા માટે ઘણો મોટો ગ્રંથ હોવા છતાં કિંમતબહોળો ફેલાવો થવા માત્ર એક જ રૂપીઓ ( પોસ્ટેજ ચાર આના રાખેલ છે. )

શ્રી જૈન આત્માનંદ સભા.

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૫૯. આશ્વિન. આત્મ સં. ૩૮. અંક ૩ જો.

## લગ્ન જીવનનું સુખ.

" લગ્ન જીવનનું સુખ કોઇ કાયદાની કલમોથી નિભાવી નથી શકાતું. પરસ્પર હમદર્દી, પરસ્પર સભ્યતા, પરસ્પર ક્ષમા, પરસ્પર ત્યાગના અને પરસ્પર જવાબદારીઓના બન્ને પક્ષના સ્વીકાર ઉપર જ દંપતીનું સાચું સુખ નભે છે.

હું ભાર પૂર્વક એમ કહેવા માગું છું કે દંપતી જીવનમાં જ્યારે કલેશ જાગે છે ત્યારે પહેલાં તો મેં ઉપર કહી બતાવી તેમાંથી એકાદની ઉણપથી જ જાગે છે. સ્વભાવની અસમાનતા એ કલેશનું બીજું કારણ છે. પ્રકૃતિના દોષો એ કલેશનું ત્રીજું કારણ છે. પરસ્પરના જીન્સીના શારીરિક સંબંધોની અવ્યવસ્થા, ગેરવ્યવસ્થા અને એમાંની એકની શિરજોરી એ દંપતી જીવનના કલેશનું ચોથું અને મુખ્ય કારણ છે.

જસ્ટીસ મેકકાર્ડી.

For Private And Personal Use Only